# ગુજરાત માહિતી બ્યુરો
## ગુજરાત સરકાર, ગાંધીનગર

**૮ ઓગસ્ટ -૨૦૧૬** **સ.સં. ૭૬૬**

આ પ્રેસનોટ www.gujaratinformation.net વેબસાઇટ ઉપર પણ ઉપલબ્ધ છે


## રાજ્ય મંત્રીમંડળનો યુવા હિતલક્ષી મહત્વપૂર્ણ નિર્ણય

- રાજ્ય સરકારની વર્ગ-૩ની જગ્યાઓ પર વધુ તક આપવા પ્રતિક્ષા યાદીનું કદ બેવડું કરાશે.
- પ્રવર્તમાન ૧૦ ટકાના સ્થાને હવે ૨૦ ટકા પ્રતિક્ષા યાદી રહેશે.
- વર્ગ-૩ની સીધી ભરતીના યુવા ઉમેદવારે એક વર્ષમાં નોકરી છોડી જાય-રાજીનામું આપે-મૃત્યુ પામે ત્યારે પ્રતિક્ષા યાદીના ઉમેદવારને તક મળશે.
- નિર્ણયનો તાત્કાલિક અસરથી થશે અમલ.

.. .. .. .. .. ..

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને તેમના મંત્રીમંડળે આજે કાર્યભાર સંભાળ્યાના પ્રથમ દિવસે જ રાજ્યના યુવાધનને સરકારી નોકરી-ભરતીની વર્ગ-૩ની જગ્યાઓ પર વધુ વ્યાપક તક આપવા પ્રતિક્ષા યાદી નિયમોમાં ફેરફારની મહત્વપૂર્ણ જાહેરાત કરી છે.

રાજ્ય મંત્રીમંડળે કરેલા આ યુવા હિતલક્ષી જાહેરાત અનુસાર, રાજ્ય સરકારની વર્ગ-૩ની જગ્યાઓ પર સીધી ભરતીની પ્રતિક્ષા યાદીનું હાલનું ૧૦ ટકા પ્રમાણ ૨૦ ટકા એટલે કે બેવડું કરવાનો નિર્ણય લીધો છે.

આ મહત્વપૂર્ણ જાહેરાતની પરિપાટીએ હવેથી આવી જગ્યાએ સીધી ભરતીથી પસંદગી પામેલા કર્મચારી હાજર થયા બાદ એક વર્ષમાં અન્યત્ર નોકરી મળતાં આ નોકરી છોડીને જાય કે અન્ય કોઇપણ કારણોસર રાજીનામું આપે તેવા કિસ્સામાં ખાલી પડેલી જગ્યાઓ પ્રતિક્ષા યાદી પરના ઉમેદવારોમાંથી ભરી શકાશે.

આવી જગ્યા જે કેટેગરીના ઉમેદવાર નોકરી છોડીને જાય તે જ કેટેગરીના પ્રતિક્ષા યાદીના ઉમેદવારથી ભરવાની રહેશે.

અત્રે એ નિર્દેશ કરવો આવશ્યક છે કે, રાજ્ય સરકારની વર્ગ-૩ની તમામ જગ્યાઓની ભરતી માટે ૨૦ ટકા પ્રતિક્ષા યાદીનો લાભ મળવાપાત્ર થવાનો છે.

પ્રતિક્ષા યાદીના નિયમોમાં ફેરફારના આ મહત્વપૂર્ણ નિર્ણયનો અમલ તાત્કાલિક અસરથી કરવા સાથે જ વર્ગ-૩ની જે જગ્યાઓ ભરતી માટેની જાહેરાત પ્રસિધ્ધ થઇ હોય પરંતુ પસંદગી યાદી પ્રસિધ્ધ ન થઇ હોય તેવી ભરતીમાં આ ૨૦ ટકા પ્રતિક્ષા યાદીની જોગવાઇઓનો લાભ મળતો થશે.

આ માટે જાહેરાતમાં તે મુજબના જરૂરી સુધારા પણ કરવાની સૂચનાઓ આપવામાં આવી છે.

પી.આર.ઓ. /જિતેન્દ્ર રામી... ...............